યોગેશ પંડ્યા . aarpar@gmail.com



# તરછોડાયેલું / તણાઈ ગયેલું સુખ

**ધોળા લોકલ ખોડિયાર મંદિર સ્ટેશન ઊભી રહી ત્યાં જ ધોધમાર વરસાદ તૂટી પડ્યો. હજુ તો પેસેન્જર ચડે ઉતરે ત્યાં તો ટ્રેન ઉપડી. પ્લેટફોર્મ પર આમતેમ દોડતા પેસેન્જરોને મનોહર તાકી રહ્યો હતો. ત્યાં જ દૂરથી એક વીસેક વર્ષની યુવતી, એક એના જેવડો જ યુવાન અને પચાસ પંચાવન વર્ષને આરેવાર પહોંચી ગયેલ આધેડ વયનો પુરુષ દોડતા આવતા દેખાયા. યુવતી સૌથી આગળ હતી. એની પાછળ જ પેલો પુરુષ અને સૌથી છેલ્લે હાથમાં ત્રણ ટિકિટ લઈને દોડતો જુવાન.**

ધોળા લોકલ ખોડિયાર મંદિર સ્ટેશન ઊભી રહી ત્યાં જ ધોધમાર વરસાદ તૂટી પડયો. હજુ તો પેસેન્જર ચડે ઉતરે ત્યાં તો ટ્રેન ઉપડી. પ્લેટફોર્મ પર આમતેમ દોડતા પેસેન્જરોને મનોહર તાકી રહ્યો હતો. ત્યાં જ દૂરથી એક વીસેક વર્ષની યુવતી, એક એના જેવડો જ યુવાન અને પચાસ પંચાવન વર્ષને આરેવાર પહોંચી ગયેલ આધેડ વયનો પુરુષ દોડતા આવતા દેખાયા. યુવતી સૌથી આગળ હતી. એની પાછળ જ પેલો પુરુષ અને સૌથી છેલ્લે હાથમાં ત્રણ ટિકિટ લઈને દોડતો જુવાન.

પ્લેટફોર્મ પરના સરતા જતા ધોળા લોકલના જે ડબ્બામાં મનોહર બેઠો હતો એ જ ડબ્બો બુકિંગ ઓફિસની સામેથી પસાર થયો ને એ ત્રણેય એમાં ચડી ગયાં. પેસેન્જરોની વચ્ચેથી જગ્યા કરતા એ લોકો મનોહર બેઠો હતો એ જ કમ્પાર્ટમેન્ટ પાસે આવીને ઊભા રહી ગયા. સામે સામેની સીટમાં એક તરફ ત્રણ સ્ત્રીઓ બેઠી હતી. આ તરફ મનોહર અને એક દરબાર બેઠા હતા. વચ્ચે બે જણ ટેસથી સમાઈ જાય એટલી જગ્યા હતી. ત્યાં જ એ જુવાન પાછળથી આવીને આગળ ઊભો રહી ગયો ને તે યુવતીને ઉદ્દેશીને બોલ્યો : " રેખા તું અને પપ્પા અહીં બેસી જાવ..."

"પણ તું ? " રેખાએ એને પૂછી નાખ્યું તું ક્યાં બેસીશ ? એ તો એની જગ્યા કરી લેશે. તું તારે અહી મારી પડખે બેસી જાને કહી એ પુરુષે રેખાનો હાથ પકડીને પોતાની પાસે બેસાડી દીધી પણ રેખાનાં ભીનાં કપડાં જોઈને તે સહસા બોલી ઊઠ્યો. તું તો પૂરેપૂરી ભીંજાઈ ગઈ છે બેટા..

હા પપ્પા.. રેખાએ કહ્યું. વરસાદ પણ કેવો આવ્યો. જરાક મોડું થયું હોત તો ગાડી ચૂકી જાત. સારું કર્યું આપણે વરસાદ બંધ થવાની રાહમાં ન રહ્યા કહી એણે ભીના થઈ ગયેલા ડ્રેસ ઉપર દુપટ્ટો ઢાંકયો. પેલો જુવાન સીટ ઉપર ચડતાં બોલ્યો રાજાને તો અહીયા જ ફાવશે...

'લે ચગળ' અચાનક પુરુષે ખિસ્સું ફંફોસ્યું અને વિક્સની ગોળી કાઢીને રેખાને આપી : "ચગળ નહીંતર શરદી થઈ જશે. અમથી આટલી પલળી તો છે જ."

એને થોડીવાર ગેસ ઉપર રાખવી પડશે. ઉપરથી પેલો અલેલટપ્પુ બોલ્યો કે રેખા એ પુરુષને ઉદ્દેશીને રણઝણી ઊઠી: "આ બમચીકનું જ્યાં જુઓ ત્યાં બક બક ચાલુ જ હો "

"હતા જ નહી." પુરુષ ખડખડાટ હસીને બોલ્યો. જન્મ્યો ત્યારે મીઠું ઓછું પડ્યું. મોટો થયો ત્યારે ભણતર!સોળે સાન ને વીસે વાન. આવ્યું તો આવ્યું નહીંતર ગયું.

પુરુષના કટાક્ષથી રેખા ખડખડાટ હસી પડી એટલે જુવાન ખીજાણો: " રહેવા દે એય વાંદરી ! શું સાંધાસડિયા ભરાવે છે એક તો પલળી તો ગઈ છે. હવા



આવશે તો કાગડો થઈ જઈશ.”

હવે મનોહરે તે યુવતી તરફ જોયું. તેનાં ભીનાં વસ્ત્રો મનોહરને અડતાં હતાં. મનોહરે તેણી તરફ જોયું. તેનું ગોળચટુ ગુલાબી રતૂમડું મોં, તેજભરી આંખો, કમળદાંડલી જેવું નાક તરોતાજા યુવાનીને તાદશ્ય કરતાં હતાં. તેનું શરીર સપ્રમાણ હતું છતાં પૂરતા પ્રમાણમાં માંસલ હતું. તેના ચોરસ આગળ પડતા દાંત અને ગાલમાં પડતો ખાડો, સપ્રમાણ કપાળ જોઈને છોકરી પહેલી નજરે ભાગ્યશાળી વરને પામે એવું પ્રતીત થતું હતું. છોકરીના વાળનો જથ્થો પણ સારો હતો અને લો કટ બાંયમાંથી એના સુડોળ ગોરા બાવડાં જુવાનીનો અહેસાસ કરાવતા હતા. કોઈ પણ પુરુષને આસાનીથી આકર્ષી શકે એવું શરીર હતું. કોણ હશે એવો ભાગ્યશાળી યુવાન? મનોહર વિચારતો થઈ ગયો. પણ 'સિંગ લ્યો સિંગ' કરતા ડબામાં ફરતા ફેરિયાની બૂમને લીધે તેની વિચારધારા તૂટી.અચાનક પેલા યુવાને ઉપરથી નીચે ઠેકડો માર્યો કે એ યુવતી ઉર્ફે રેખા બોલી આ વાંદરો પાછો નીચે ઉતર્યો.

“જાવા દેને હવે, એને શું કામ બોલાવ્યા કરે છે? ”નકામો દાંતિયા કરશે... પુરુષનો કટાક્ષયુક્ત જવાબ સાંભળીને છોકરો બોલી ઊઠ્યો તમે જ આ વાંદરીને ચડાવી છે. એક દિવસ મારી જેમ તમને ય બડફાં ન બોલે તો કહેજો એમ કહેતો રેખાને ઉદ્દેશીને બોલ્યો , “ સિંગ ખાવી છે રેખડી?”

રેખાએ ના પાડી છતાં યુવાન ત્રણ ચાર પડીકાં સિંગનાં અને એક બે પડીકાં તીખી દાળનાં લઈ આવ્યો. પેલા પુરુષને પડીકાં આપતાં બોલ્યો, “ તમે ખાજો પણ આ વાંદરીને ના દેતા.”

“કેમ એમ બોલે છે એલા ? ”

“એ ખાશે તો બોલશે. ભૂખી રહેશે તો પૂંછડી પટપટાવ્યા કરશે.”

એય, તારી સિંગ ઉપર હું નથી બેઠી હો કહેતી રેખાએ એ પુરુષના ખભે માથું ઢાળી દીધું. પપ્પા છે ત્યાં સુધી તારી ગરજ નથી. પુરુષે એના માથા ઉપર હાથ ફેરવ્યો અને પીઠ પર વાત્સલ્યથી ધબ્બો માર્યો તું દીકરો છે, આ બીજો દીકરો છે. એને કાંઈ કહેતો નહી તું નહી સાચવે તો એ જ મને સાચવશે...

તો રેખા તમારી પાસે. હું જાઉ છું કહેતા એ ડબાના બારણે જઈને ઊભો રહ્યો.

“કયાં ગયો?” રેખાએ પુરુષને પૂછીને ઊભી થવા ગઈ પણ પુરુષે એનો હાથ પકડીને બેસાડી દીધી. એ ગાડીમાંથી પડશે નહી એની ગેરંટી આપું છું.

ધોળા આવ્યું ત્યાં સુધી આ રકઝક ચાલી.ધોળા સ્ટેશને ગાડી ઊભી રહી ને ત્રણેય જણ નીચે ઉતરી ગયાં. એ નીચે ઉતર્યા એટલે પેલા દરબાર પણ નીચે ઉતર્યા. મનોહર તેની સામે જોઈને બોલ્યો તમેય જશો?

હા, મારો મુકામેય આવી ગયો કહેતાં દરબારે પોતાની થેલી લીધી. ઘડીક ઊભા રહ્યા, અને પછી બોલ્યા, “જોયું ને ?”

“શું ?”

“પેલા ત્રણેય જણને.”

“હા, છોકરાવ અને બાપ વચ્ચે મેળ સારો છે. ”

એ એની દીકરી નહોતી પણ એના દીકરાની વહુ હતી નામ છે એનું રેખા. આ રેખા, અશોક અને વેલજી દરબાર બોલ્યા જોયામાં ન લાગે પણ હકીકત આમ છે કહી દરબારે વાતનું નામાચરણ વાળ્યું. પહેલાં તો મનેય એવું લાગેલું પણ પછી ખબર પડી કે તો દીકરી નથી પણ દીકરાની વહુ છે. પણ એટલું તો ખરું કે સાસરો ઉઠીને દીકરાની વહુને રાખી જાણે છે.

ત્યાં જ ગાડીએ વ્હીસલ મારી અને દરબાર નીચે ઉતરી ગયા. મનોહરે પ્લેટફોર્મ પર જોયું પેલા ત્રણેય જણં હજી મજાક મસ્તી કરતાં ચાલ્યા જતા હતા. મનોહર હવે ડબામાં એકલો જ રહ્યો પણ એ એકલો નહોતો એની સાથે હતા વેલજી, રેખા અને અશોક. છેક બોટાદ આવ્યું ત્યાં લગી એ ત્રણેયે એનો કેડો ન મૂક્યો. રાત્રે જમીને મનોહર સૂતો પણ એ ત્રણેય જણનું સાંસારિક સુખ એનો પીછો છોડતું ન હતું.

પરંતુ ક્યારેક વેલજીભાઈને મળવું પડશે એવો મનસૂબો તેના મનમાં ઘોળાતો રહ્યો. ક્યારેક એને એમ પણ થતું હતું કે ધોળા સ્ટેશનમાં ઉતરી જાઉં ને વેલજીભાઈના ઘરે રોકાઈ જાઉં અને મનમાં ઘોળાતી વાતુનો વેલજીભાઈ પાસે ઢગલો કરી દઉં પણ એ એમ ન કરી શકયો. એ જાય તો પણ ક્યા સંબંધે જાય ? કેવી રીતે જાય ? એમ તો પેલા દરબારેય મળ્યા નથી. નહીંતર પૂછી લેવાય કે પેલા લોકો હવે ક્યારેય ભાવનગર આવવા નીકળે છે કે નહીં ?

પણ ઘણીવાર મનોહરને એમ પણ થઈ આવતું કે વેલજીભાઈ, અશોક અને રેખામાં પોતાનું મન કેમ આટલું બધું ડૂબતું જાય છે ? એવો તે કયો અનગરો લાગ્યો છે કે રાતદિવસ, સૂતાં, બેસતાં , જાગતાં અને ઊઠતાં એ ત્રણેય જણના ચહેરા જ નજર સામે ભમ્યા કરે છે.

રોજ બોટાદથી ભાવનગર અપડાઉન કરતો મનોહર પોતાના માંહ્યલાને આ પ્રશ્ન પૂછ્યા કરતો. અને જેવું ધોળા સ્ટેશન આવતું કે એની બહાવરી આંખો એ ત્રણેયને શોધવા સ્ટેશન ઉપર આમતેમ ફરી વળતી.

પણ એ નિમિત્તને ઝાઝું છેટું ન રહ્યું. એક દિવસ ખુદ વેલજીભાઈ જ ડબામાં આવી ચડયા. મનોહર તો જાણે સપનું જોતો હોય એમ વેલજીભાઈને જોતો રહ્યો. ડબ્બો હકડેઠઠ ભરેલો હતો એટલે મનોહર મને કમને બેઠો તો રહ્યો પણ મનનો અજંપો ઉધામા નાખતો હતો. એમાં કામ થઈ ગયું. ડબામાં જે સ્ત્રીઓ બેઠેલી હતી એ શિહોર સ્ટેશને ઉતરી ગઈ. હવે ડબામાં એ અને વેલજીભાઈ બે જ રહ્યા. સામેની સીટ ઉપર બેઠેલા વેલજીભાઈની સામે જોઈને મનોહરે સ્મિત કર્યું ને પૂછ્યું ,

“કેમ છો વેલજીભાઈ ?”

ચારભાઈ ખાકી બીડી પીતા પીતા વેલજીભાઈની દષ્ટિ બારી બહાર હતી પણ મનોહરના ઉદ્દબોધનથી દષ્ટિને તેણે મનોહર તરફ માંડી. ઘડીક તાકી રહ્યા અને બોલ્યા કાંઈ ઓળખાણ પડી નહી ભઈલા.

મારું નામ મનોહર છે. હું બોટાદથી રોજ ભાવનગર અપડાઉન કરું છું. ભાવનગરમાં એક ખાનગી બેન્કમાં નોકરી કરું છું. આપણે હમણાં પંદર - વીસ દિવસ પહેલાં જ એક ડબામાં ભેગા થયા હતા. તમે ને તમારો દીકરો વહુ ખોડિયાર મંદિરેથી...

હા...હા.. રેખા કહેતી હતી કે ઘણાય દિવસથી ખોડિયાર દર્શન કરવા નથી ગયા તે જઈ આવીએ એટલે ગયા હતા...

“પણ એ બેય જણ ન જઈ આવે ?”

“ઈ જ તો વાત છે ભાઈ અશકો હાલે પણ રેખા તો મારા વગર એક ડગલુંય આગળ ન હાલે. આપણે બહુ કહીએ કે બેય જણ જઈ આવો પણ મારું કીધું એક બે વાર સાંભળે પછી આપણે જ આગળ બોલતું અટકી જવું પડે.”

"કેમ ?"

ઢીલી! બહુ ઢીલી! રોવે પછી મારોય જીવ બળે.

ઈ તો મે અનુભવ્યું છે વેલજીભાઈએ બીડીનો લાંબો કશ ખેંચીને હથેળીને બેઠા'તા ત્યાંથી ડબાની બેઝમેન્ટ સુધી લઈ ગયા. "'ઈ આવડી' ક' અમથી હતી તે દીની જવાબદારી મારા માથે છે !"

"એમ કેમ ?"

"નાની હતી ને એને જનમ દેનારી હાલી ગઈ. બાપે મોટી કરી ઈ આને સુખી કરવા પરણ્યો નહી પણ ઘરવાળી મોટા ગામતરે હાલી ગયા પછી ભાંગી પડયો' તો હું એનો જિગરી ભાઈબંધ, બે હાર્યે રમ્યા, જમ્યા, ભણ્યા ગણ્યા ને હારોહાર જ રેલવેમાં સાંધાવાળા તરીકે નોકરીએ લાગ્યા. ઈ બેય જણ અને અમે બેય જણ હાર્યોહાર્ય ખૂબ રખડ્યા છીએ ભઈલા ઈ મજાની તમને શું વાત કરું ? પણ કંઈક કરમ એવા લખાણા હશે કે વાત વાતમાં એક દી ઈ બેય માણસને બોલવાનું થઈ ગયું. આ ઘરે નહોતો અને ઘરવાળીએ ઘાસલેટ છાંટી દીધું, દવાખાને લઈ ગયા. દાકતરોના પગે પડયો. વાના માતર કર્યા. પણ જ્યાં લલાટમાં જ હોય પછી શું કામનું ? ઘરવાળી તો મોટા ગામતરે હાલી ગઈ પણ પછી એના વલોપાતમાં જ આ જણ ભાંગી પડ્યો તે દારૂની લતે ચડી ગયો. દુઃખ દરદ કાંઈ દારૂથી થોડાં મટતાં હશે ? ગમે એમ કરોને તોય કુદરત ખાટલામાં જ રાખે છે. સમજાવ્યો ખૂબ સમજાવ્યો કે તારી પોતાની સામું નહી તો આ છોડી સામું તો જો પણ બસ એનું તો એક જ રટણ મારી લક્ષ્મી મારી લક્ષ્મી. લક્ષ્મી નસીબમાં જ હોય તો ક્યાં જવાની હતી પણ આ તો તારા નસીબ જ ફૂટલા મારા ભાઈ. એ વખતે આ છોડી આઠ દસ વરસની. અમે એને ઘેર લઈ આવ્યા. અમારો અશોક અને રેખા હારૂલા. ગભરું છોકરી બિચારી બાપને જોઈને કળપ્યા કરે એ અમારાથી બેય માણાથી જોવાણું નહી કારણ ? તો કહી દઉં કે પહેલા ગયું આંતરડું , પછી ગયું લિવર અને છેલ્લે કિડની ફેઈલ. મુંબઈની રેલવે હોસ્પીટલમાં રાતા પાણીએ રોતા રોતાં કીધું કે લક્ષ્મી તો ગઈ હુંય જાઉં છું .અમારી નિશાની રૂપ રહેશે આ દીકરી. એનું કોણ? તો કીધું કે હું સાચવીશ ભાઈ તારી રેખાની ચિંતા જો તું કરે તો તને મારા સમ છે. જો સાંભળ, જગતમાં દીકરીનું કન્યાદાન સૌ કરે છે. પણ હું મારા દીકરાનું દાન કરી દઉં છું. કદાચ હું નહી હો તોય તારી દીકરી દુઃખી નહી થાય. જા તારી દીકરીને હું વહુ દીકરી ગણીશ. ને એણે જીવને ગત કર્યો. કાળજું કપાઈ જાય એવી વેદના હાર્યે દસ દસ વરસ બથોડાં ભર્યા પણ મારા વેણને લીધે એનું કાળજું ઠર્યું. અને એને હરમત આવી કે તરત જ રેખાને બોલાવી. અશોક અને રેખાને પડખો પડખ બેસાડીને માથે હાથ મૂકી દીધો. અને દેહ પણ મૂકી દીધો. આ ઈ વચન વેણને રાખીને રેખાને સાચવું છું કે આજે એનો બાપ કહો તો બાપ અને સસરો કહો તો સસરો ઈ બધુંય હું જ છું ને ફક્ત નામ જુદા છે તો પછી બાપ થઈને ના રહું?અમથીએ મારે એકેય દીકરી છે નહી ભગવાને એક દીકરો આપ્યો છે. આ એક દીકરી ખાય, પીવે ને મજા કરે. આજે જ કહેતી હતી કે વળતા આવો ત્યારે શિહોરી પેંડા લેતા આવજો તે લઈ જવાના છે. મને હોંશ થાય! અત્યાર લગી અશકા માટે કોઈ દી કાંઈ લઈ નથી ગયો પણ રેખા માટે લઈ જવું પડે છે. અને ખરેખર તો બાપ બનવું હોય ને તો તમારે એક દીકરી હોવી જોઈએ તો તમને ખબર પડે કે દીકરીના કજિયા શું છે ! દીકરીના લાડ શું છે ! અત્યાર લગી બાપ હોવાની કોઈ ગંભીરતા નહોતી પણ હવે એક દીકરી આવ્યા પછી લાગે છે કે દીકરી ન હોવાની અધૂરપ પૂરી કરીને ભગવાને ખરેખર મને બાપ બનતાં શિખવાડ્યું છે."

મનોહર વેલજીભાઈની વાતોથી ગદગદ થઈ ગયો. એટલામાં જ ભાવનગર પરાનું સ્ટેશન આવી ગયું. એટલે વેલજીભાઈ લ્યો ત્યારે રામ રામ મનોહર ભાઈ કહીને નીચે ઉતરી ગયા. મનોહર તે માણસને જતા જોઈ રહ્યો.માણસોના પ્રેમ કેવા અદ્‌ભુત હોય છે. મનોહરને લાગ્યું કે વેલજીભાઈની છત્રછાયામાં ઉછરતા પેલા બેય જીવ સુખી કે આ દીકરી જેવી વહુના સ્નેહમાં ગરમ રોટલો ખાતા વેલજીબાઈ સુખી?

મનોહરને થયું ત્રણેય જીવ એકબીજાની હૂંફમાં જિંદગી પસાર કરતાં જ રહે પણ હવે એ ત્રણેયને એકસાથે ફરીવાર જોવાની તલબ લાગી હતી. પણ એક દિવસ ભેટો થઈ ગયો. મનોહર કોઈ કામે વહેલી ગાડીમાં ઘર તરફ આવી રહ્યો હતો કે ઘોળા આવ્યું. ગાડી ધીમી પડી કે વેલજીભાઈ એક ડબા સાથે દોડવા લાગ્યા.

"અરે ! અરે ! વેલજીભાઈ હળવે.."મનોહર બોલ્યો અને વેલજીભાઈ મનોહરને ઓળખી ગયા. એ ધીમા પડ્યા.ડબો પસાર થઈ ગયો પણ વેલજીભાઇના સાદને હારોહાર લેતો ગયો. એ બે સીટ રાખજોને મનોહરભાઈ.

ટ્રેન ઊભી રહી એટલીવારમાં તો અશોક અને રેખા દોડતા દોડતા આવી પણ પહોંચ્યા હતા. મનોહરે સીટ રાખી હતી. રેખા આવીને સામે સીટ ઉપર બેસી ગઈ કે એ મનોહરને ઓળખી ગઈ. મનોહરે સ્મિત કર્યું ને પૂછ્યું ઓળખાણ પડે છે ?

હા, પડે જ ને તે દી ખોડિયાર સ્ટેશનેથી આપણે બધા સાથે જ બેઠા હતા. બરાબર ત્યાં જ વેલજીભાઈ પાણીની વૉટરબેગ લઈને આવ્યા અને રેખાને આપતાં બોલ્યા: " લે બેટા લઈ લે."

"હા, પપ્પા..."

"ઓલો ક્યાં ગયો ?"

"ઈ ખબર નથી."

ઈ પણ ખરો છે કહેતાં વેલજીભાઈ અશોકને પકડી લાવ્યા ને રોષભર્યા અવાજે બોલ્યા, " તું નો સચવાય તો વાંધો નહી અને તને કાંઈ થઈ જાય તો વાંધો નહી પણ આ મારી છોકરીની જવાબદારી તને સોપું છું એને જો કાંઈ થઈ ગયું ને તો તારી ખેર નથી."

"હા, પપ્પા એને કાંઈ થવા નહિ દઉં મારું ભલે ગમે તે થાય. કપાઈ જાઉં ,વઢાઈ જાઉં, તણાઈ જાઉં, પણ તમારી રેખાને એકેય ઉઝરડો નહી પડે એની ખાતરી આપું છું બસ. "

પણ રેખાને અશોકનું બોલવું ન ગમ્યું. એટલે વેલજીભાઈને સંબોધીને બોલી ઊઠી, "આ છેક સુધી આવા કડ્યાં જ બોલ્યા કરશે તો હું અધવચ્ચેથી જ ભાગીને ઘરે ચાલી આવીશ."

"તું શું મને અધવચ્ચે મૂકીને જતી' તી ? હું જ તને મૂકીને...."

"હવે ડાહ્યો થાતો બેસ છાનોમાનો બિચારીને હેરાન કર મા."

કહેતા વેલજીભાઈએ પાકીટ કાઢયું, " આપું ? "

આટલા તો ઘણા ઘણા! રેખા બોલી ત્યાં જ વ્હીસલ વાગી.

મનોહર રેખાની સામે જોઈ રહ્યો હતો. રેખા વેલજીભાઈને આવજો કરતી હતી. પણ અશોકે હાથ ન લંબાવ્યો તે ન લંબાવ્યો.

પપ્પાને આવજો તો કહે રેખા બોલી ને અશોકે કહી દીધું હવે નહી ભેગું થવાય એ હરીદ્વાર બાજુ જતા હતા. પપ્પા ન આવ્યા ? મનોહરના જવાબે ના રેખા એ કીધું એ આજ નહી આવે કાલે અમદાવાદથી ભેગા થઈ જશે. ઠીક કહી મનોહર બેઠો રહ્યો અને બોટાદ આવ્યું ત્યારે ઉતરી ગયો.

આ વાતને બરાબર એક મહિનો પસાર થઈ ગયો હશે ને બરાબર ને એક દી પાછા પેલા તખુભા દરબાર મળી ગયા. મનોહરને ઓળખી ગયા. મનોહર રાજી થઈ ગયો એટલા માટે કે એ નહી , પણ વેલજીભાઇના સમાચાર મળી શકશે. એણે પૂછી પણ નાખ્યું શું કરે છે વેલજીભાઈ ?

અરેરે ! તમે કાંઈ સાંભળ્યું નથી ?

ના રે મનોહરનો જીવ ઉચક થઈ ગયો કે દરબારે કહ્યું , "ભારે થઈ. એ તો આખો માળો વીખાઈ ગયો."

"એમ કેમ કરતા ?"

"એમાં એવું છે કે એકવાર આ બધા સુરત જતા હતા. જે બસમાં બેઠા હતા એ બસ લોલિયા ડીપમાં ગઈ,બાવીસ જણ ગયા એની હાર્યો હાર્ય વેલજી, અશોક અને એની વહુ ત્રણેય.."

"અરરર આખું કુટુંબ સાફ થઈ ગયું ?"

તો તો ક્યાં બળતરા જ હતી ? આ તો અશોક ગયો આવડા આ બેય ને રોતા મૂકીને ગયો. કહે છે ને કે સુખની તો ઉપરવાળાનેય ઈર્ષ્યા આવે છે બાપ વેલજીનું સુખ તો લોલિયા ડીપમાં ઘૂમરી ખાતા કાળા ભમ્મર પાણીની ભણી હારોહાર તણાઈ ગયું. ભાઇ હવે તો એ ચાંગળુંક સુખ આંખ્યુના નીરમાંથીય ખૂટી ગયું છે.

ઓહ મનોહરને છાતી સુધી ધક્કો લાગ્યો. અશોક કહેતો હતો હવે નહી ભેગું થવાય. ચોમાસાના ચાર

મહિનામાં ઝાલાવાડમાંથી વહેતો ભોગાવો અને પાંચાળમાંથી વહેતી ભાદરના ખારા પાણી ધંધુકા પાસે લોલિયા સુધી આવતા તો એ પાણી ચારે તરફ ફેલાઈ રહેતા ત્યારે તો લોલિયા ડીપ દરિયો બની જતો તે દી સવારના પહોરમાં જ છાપામાં ઊંધી પડેલી બસના ફોટા જોઈને ધ્રાસકો પડેલો પણ એ બાવીસ જણામાં પોતાનું કોઈ સગું નથી એ જાણીને મનોહરને હાશ થઈ. પણ આતો સગાથીયે અદકાં વહાલાં હતાં...

મનોહરને થયું કે વેલજીભાઈના મોઢે જવું જોઈએ. તે ધોળા ગયો. વેલજીભાઈ સૂનમૂન બેઠા હતા. એક બાજુ રેખા કોરા કપાળે વાદળી કલરનો સાડલો વીટાળીને બેઠી હતી. મનોહર ગયો એટલે વેલજીભાઈએ ગળગળા સાદે કહ્યું તે દીના તમે સાક્ષી છો ને ? તે દી તો આવજોય કહેવા બારીએ ન આવ્યો. આટલી બધી બાપુથી રીહ ? મને મૂકીને... જ રીસાળ બહુ હતો.

"પણ એ તો નાદાનિયત, પણ આમાં કંઈ નાદાનિયત કે એના જ લલાટે મોત લખાણું હતું ?"

આ ડૂબી, એને બચાવવા એ ડૂબ્યો. મને કીધું'તું ને કે ઉઝરડોય નહી પડવા દઉં. છેક લગી વચન પાળી બતાવ્યું. જતા જતા કહેતોય ગયો કે તમારી રેખાને હાથો હાથ પાછી સોંપી છે. હું જાઉ છું. આવજો. અને વેલજીભાઈ પોકે પોકે રોઈ પડ્યા.મનોહરે સાંત્વના આપી.પણ એનાથી એ ભાંગેલ માણસને શું અસર કરે? કપાયું એ તો કપાયું. બે ભાગ થઈ ગયેલા બાવડા ઉપર મલમ લગાડે તોય ઈ કાંઈ ચોંટવાનું નથી.

મનોહર દિવસોના દિવસો વેલજીભાઈ અને રેખા ઉપર આભ જેમ તૂટી પડેલા દુઃખના જ વિચારમાં ગડથોલાં ખાતો રહ્યો.દિવસો પસાર થતા રહ્યા. એક દી તખુભા મળી ગયા,.સારા સમાચાર આપ્યા.બોલ્યા , "રેખાને હજી કોઇ સંતાન હતું નહીં.એક ઠેકાણે નક્કી કર્યું છે. આવતી પૂનમને દિવસે ઘડિયા તોરણ અને ઘડિયા લગન."

મનોહર રાજી થયો. સારું થયું એક જીવ તો ડાળીએ વળગશે પણ એ તો સુખનો ભ્રમ હતો. એ સુખ તો માત્ર દુઃખ હતું કારણ કે રેખાને વળાવ્યા પછી સમાચાર મળ્યા કે વેલજીભાઇ ચિતભ્રમ થઈ ગયા છે.

હોય નહી એણે તખુભાને કીધું પણ તખુભાએ વાત કરી સાચું છે. આખો દી રેખા રેખા કર્યા કરે છે. કહે છે કે અશોક તો મૂકી ને હાલ્યો ગયો. પણ રેખા ? રેખાય મને મૂકી ને હાલી ગઈ ?

"પણ રેખા ક્યાં ?"

એ રાજુલા છે. એનો પતિ સિમેન્ટની કંપનીમાં નોકરી કરે છે. એનેય કાંઈક ફારગતી જેવું હતું. તે આ મળી ગયું. પણ છોકરો સારો છે.

"પણ હવે ?"

"હવે તો રોડવ્યે વખાણ ઈ તો અશોક ઇ અશોક. અસલમાં ને નકલમાં ફેર તો પડે ને ?"

પણ અસતરી થોડાક દીમાં બધુ ભૂલી જાય. હવે જોજો ને આને ય ભૂલી જશે. નહીંતર તો આ તો બાપ ઠેકાણે જ કહેવાય ને ? માનો ને કે દીકરી સમજી ને જ સાચવી પણ એના પતિને શું ?

એ સાચું પણ મનોહરને ઘણું બોલવું હતું પણ બોલી ન શકયો પણ નિમિત્ત અંજળ કેવું ? કે દરબાર જ્યાં ઉતર્યા ત્યાંથી જ વેલજી ચડ્યો.

આવો આવો વેલજીભાઈ મનોહર ઊભો થઈ ગયો. પણ વેલજી કાંઇ બોલ્યો નહી. "કેમ છો મજામાં?" મનોહરે ફરીવાર બોલાવ્યા પણ તોય કાંઈ અસર ન થઈ.

આમ કઈ બાજુ ? મનોહર બોલ્યો તો એ હસી પડ્યા. અટ્ટહાસ્ય કરતું આ હાસ્ય નોર્મલ માણસનું ન હતું.એમાં ખોફ હતો. ભય હતો. તે બોલ્યો, "આમ ? આમ તો લોલિયા હાલતી ગાડીએ ડીપમાં ઠેકડો મારીશ. મારો અશોક ટિફિન દેવા આવ્યો હશે. તમનેય ભૂખ લાગી હશે કાં ?"

હા હું જમવા જ બેસતો હતો ત્યાં જ બરાબર તમે ચડ્યા. મનોહરે ટિફિન ખોલ્યું. લો હાલો હવે બેસી જ જઈએ. વેલજી સામે બેસી ગયો. એમની ખાવાની રીતભાત, એમનું વર્તન...મનોહરની સંવેદનાઓ ઝંઝેડાઈ ગઈ. એ લુસપુસ ખાવા માંડ્યા હતા. મનોહરે અનુભવ્યું કે આમણે કેટલાય દિવસથી કશુંય ખાધું નથી લાગતું. કોણ બનાવી દે ? પત્ની તો છે નહી, રેખાએ તેને મૂકીને... રે ભગવાન!

પત્નીએ મૂકેલી બધી જ રોટલી વેલજીભાઈએ પૂરી કરી નાંખી હતી. હવે વધારે જોઈએ છે ? તો, કાંઈક લઈ લઉં.શિહોરના સ્ટેશનેથી મનોહરે કીધું પણ વેલજીએ કંઈ ઉત્તર ન આપ્યો. ઉતર આપવાના હોશ ન હતા. તેમની આંખો ઘેરાઈ ગઈ હતી. જઠરની તૃપ્તિ ચહેરા પર ફરી વળી હતી.

તેઓ ઘડીક સૂતા પણ જયાં શિહોરનું સ્ટેશન આવ્યું કે એ ઉતરી ગયા. એમનું મેલુંઘેલું પહેરણ, ફાટી ગયેલું પાટલૂન, લુખ્ખા ઓળ્યા વગરના વાળ, ચડી ગયેલી દાઢી..ચકળવકળ આંખો..

હવે એ ક્યારેક ધોળા મળી જતા. ક્યારેક બોટાદ સુધી આવતા. ક્યારેક સણોસરા, સોનગઢ, નિંગાળા જંકશન તો ક્યારેક જેતલસર વાળી ગાડીમાં ચડી જતા. ને કહેતા રાજુલા જવું છે દીકરીને મળવા. મનોહર તેમની દશા જોઈ નિઃશ્વાસ નાંખતો. કેવો માળો ગુંથાયો હતો. કુદરતની એક જ થપાટથી તણખલે તણખલાં છૂટાં પડી ગયાં ને માળો વીંખાઈ ગયો.

દિવસો, અઠવાડિયા, મહિના.. ધોળા સ્ટેશન આવતું ને મનોહર ટ્રેનમાંથી નીચે ઉતરી પડતો. ધોળાથી ચડતા સ્ટેશનનાં પેસેન્જરોને પૂછતો પણ કોઈને એનામાં દિલચસ્પી નહોતી. પણ એક દિવસ સવારની ઈન્ટરસિટી ટ્રેનમાં રેખા મળી ગઈ. સાથે એક યુવાન બેઠો હતો. દેખાવમાં એકદમ નિર્દોષ લાગે. રેખા મનોહરને ઓળખી ગઈ. નમસ્તે કર્યા ને બાજુમાં બેઠેલા યુવાનને ઓળખાણ કરાવી, કમલેશ આ છે મનોહરભાઈ, પપ્પાના મિત્ર. મનોહરને સમજાઈ ગયું કે કમલેશ એનો પતિ છે પણ તેઓ ક્યાં છે ? કહી મનોહર વેલજીભાઈની પૃચ્છા કરી બેઠો કે કમલેશે ચૂપ રહેવા ઈશારો કર્યો માંડ માંડ સૂતા છે જાગી જશે.

અમે અમદાવાદ સાયકિયાટ્રિસ્ટને બતાવવા લઈ ગયા હતા. રેખા અને કમલેશે એક સાથે કહ્યું, "હવે સારું છે."

હું એમની પીડા જોઈ શકતો નહોતો, મનોહરભાઈ કમલેશે અંતઃકરણ હોઠથી અળગું કર્યું : "બાપ જયારે મૃત્યુ પામે ત્યારે દીકરો તો જુવાનીના આવેશમાં ને જોશમાં એ દુઃખ સહન કરી લે છે. પણ બાપ જ્યારે પોતાની નજર સામે જ પોતાના કંધોતર જેવા દીકરાને મરતો ભાળે એ ઘટના ક્યારેય ભૂલતો નથી. અને અશોક તો એને પ્રાણથી એ પ્યારો હતો. ભલે રેખાની હાજરીમાં એને ખિજવતા હતા પણ અંતરના ખૂણેથી તો એને અનહદ ચાહતા હતા."

"એ તો હોય જ ને પોતાનું સંતાન તો કોને વહાલું ન હોય કમલેશ. માવતર 'મર' કહે ખરા પણ મર વાંચ્છે નહી અને આ તો વેલજીભાઈ જેવા પ્રેમાળ આદમી. એ કોઈ દી પોતાના લોહીને..."

"એ કાંઈ પોતાનું લોહી નહોતું."

"તો ?"

અશોક તો એમના પત્ની સાથે આવેલું આંગળિયાત સંતાન હતું. કમલેશ બોલ્યો ને એની આંખમાં ભીનાશ છવાઈ ગઈ. શબ્દો હવે લથડતા હતા : " છતાં છતાંય અશોકના મોતના દુઃખે તો આ માણસ ભીતરથી ભાંગી પડ્યો ને ગાંડોતુર થઈ ગયો."

"ઓહ... તો પછી એમણે પારકા સંતાનોની પીડા પોતે જ વહોરી લીધી એમ ને ?" મનોહર બોલવા ગયો પણ કમલેશ - રેખાને દુઃખ લાગશે એ હેતુથી ગળી ગયો. ને બોલી ઊઠ્યો, " હવે તું એનો દીકરો થઈને સાચવજે કહી ખભે હાથ મૂકી દીધો." તો કમલેશ બોલી ઊઠ્યો, " હું એમને અશોકના બાપ સમજીને નહીં પણ મારા બાપ સમજીને સાચવીશ." મનોહરને થયું કે વેલજીનું સુખ લોલિયાના ડીપમાં સાવ તણાઈ ગયું નથી, હજી થોડુંક સુખેય કમલેશની ભીતરમાં ઉછાળા માર્યા કરે છે.

ત્યાં જ ધોળા આવ્યું. ગાડી અહીંથી ચેન્જ કરવાની હતી. કમલેશ ઊભો થયો. એણે ઉપરની બર્થ ઉપર સૂતેલા વેલજીભાઇને પ્રેમથી હાથ પકડીને જગાડતાં કહ્યું, "ચાલો પપ્પા." વેલજીભાઇ બેબાકળા થઈ જાગી જતાં બોલ્યા, લોલિયા આવી ગયું ? પણ પછી કંઈપણ બોલ્યા વગર નીચે ઉતર્યા. કમલેશે એમને પકડી લીધા. ટ્રેન ઊભી રહી. ત્રણેય નીચે ઉતર્યા. મનોહરે જોયું તો વેલજીભાઈનો એક હાથ રેખાએ પકડ્યો હતો અને એક હાથ કમલેશે પકડ્યો હતો.